# પાટણ જીલ્લો




- ❖ પ્રાચીન નામ અહીલપુરપાટણ હતું તે વનરાજ ચાવડાએ વસાવ્યું હતું.
- ❖ પાટણ જીલ્લાની રચના બનાસકાંઠા અને મહેસાણા જીલ્લામાંથી કરવામાં આવી હતી.
- ❖ પાટણ જિલ્લો ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના કુલ ૨૬ જિલ્લાઓ પૈકીનો ઉત્તર ભાગમાં આવેલો જિલ્લો છે
- ❖ પાટણ જીલ્લાની ઉત્તરે બનાસકાંઠા જિલ્લા,પૂર્વમાં મહેસાણા જીલ્લાની,દક્ષિણમાં સુરેન્દ્રનગર જીલ્લાની તથા પશ્ચિમમાં કચ્છ જીલ્લાની, કચ્છનું મોટું અને નાનું રણની સરહદ આવેલી છે.
- ❖ ક્ષેત્રફળ :-૫,૭૯૨ચો કિમી
- ❖ સ્થાપના :-૨૦૦૦ (કેશુભાઈ મુખ્યમંત્રી )
- ❖ વિધાનસભાની કુલ સીટો :- ૪ { રાધનપુર, ચાણસ્મા, પાટણ અને સિધ્ધપુર }
- ❖ વસ્તી :-૧૩,૪૨,૭૪૬(૨૦૧૧મુજબ )
- ❖ અક્ષર જ્ઞાન :-૭૩.૭૪%
- ❖ વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- ❖ વસ્તી ગીચતા :-૨૩૪ એક ચો.કિમી (વ્યક્તિ દીઠ)
- ❖ જાતિ પ્રમાણ (૧૦૦૦ પુરુષોએ) :- ૯૩૫
- ❖ મુખ્ય મથક :- પાટણ
- ❖ તાલુકાઓ :-૯(1) પાટણ , (2)હારીજ, (3)ચાણસ્મા, (4)સિધ્ધપુર, (5)સમી, (6)સાંતલપુર (7)રાધનપુર (૮) શંખેશ્વર (૯) સરસ્વતી
- ❖ તાલુકા પંચાયતની કુલ સીટો :- ૯ (કુલ બેઠકો-૧૬૮) (પાટણ-૧૮,સાંતલપુર-૧૮, સિદ્ધપુર-૨૨,સમી-૧૮ ,રાધનપુર-૧૮, હારીજ-૧૬, ચાણસ્મા-૧૮,શંખેશ્વર-૧૬ અને સરસ્વતી-૨૪)
- ❖ જિલ્લા પંચાયતની કુલ સીટો :- ૩૨

- નગરપાલિકાની સંખ્યા અને વોર્ડ:- ૨ (કુલ બેઠકો-૮૦)
  પાટણ -૧૧(૪૪)અને સિદ્દ્ધપુર-૯(૩૬)
- ગામડાંઓ :-૫૨૫(1) પાટણ(૧૪૦) , (2)હારીજ (૪૦), (3)ચાણસ્મા (૬૦), (4)સિધ્ધપુર(૫૭), (5) સમી (૯૮), (6)સાંતલપુર(૭૩) (7)રાધનપુર (૫૭)
- વડું મથક :- પાટણ
- આરટીઓ નંબર :- **GJ-24**
- મુખ્ય શહેરો :- પાટણ ,રાધનપુર
- સંસ્થાઓ :-
    - હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ
- નદીઓ:- સરસ્વતી,બનાસ,રૂપેણ અને પુષ્પાવતી
- જમીન :- ગોરાડું, રેતાળ અને ક્ષારીય છે.
- તળાવ અને સરોવર :- બિંદુ સરોવર, અલ્પા સરોવર, અને સિદ્દ્ધસર તળાવ(સિદ્દ્ધપુર),ખાન સરોવર અને સહસ્ત્રલિંગ તળાવ (પાટણ)
- વાવ :- રાણીકીવાવ (પાટણ),રા'ખેંગારની વાવ,મિનળદેવીની વાવ(ધાંધલપુર),ત્રિકમ બારોટની વાવ(પાટણ), ત્રિકમ બારોટની વાવ(પાટણ)
- પ્રાચીન દરવાજા :- મોતીશાહ દરવાજા અને ફાટીપળ દરવાજા(પાટણ)
- પાક :- ઈસબગુલ, જીરું, બાજરી, જુવાર, ઘઉં, બટાકા, વરીયાળી, એરંડા અને તલ
- ઉદ્યોગ :- ' પટોળા' બનાવવાનો ઉદ્યોગ, કુત્રિમ રેશમ અને સૂતરના ઉપયોગી મશરૂનું કાપડ બનાવવાનો ઉદ્યોગ.
- રાષ્ટ્રીય રાજમાર્ગ :- ૧૫ અને ૧૪ (નવો નંબર ૨૭ અને ૬૮)
- ખનીજ :-
- મેળા :- કાત્યોયનો મેળો અને વરાણાનો મેળો
- વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- રાષ્ટ્રીય ધોરી માર્ગ નં.;- ૨૭ અને ૨૮ પસાર થાય છે.
- અગત્યના અન્ય શહેરો :- સિધ્ધપુર,પાટણ,રાધનપુર
- જોવાલાયક સ્થળો :- સહસ્ત્રલિંગ તળાવ ,રાણકીવાવ, પંચાસર દેરા, (પાટણ ), હેમચંદ્રાચાર્ય સ્મારક (પાટણ)પાટણના પટોળા દેશભર માં પ્રખ્યાત છે. કનકેશ્વરી માતાનું મંદિર (પાટણ), રુદ્રમહાલય(સિધ્ધપુર ), કપિલમુનીનો આશ્રમ (સિધ્ધપુર), જૈન મંદિરો (પાટણ),જૈન દેરાસર (શંખેશ્વર), ખોડિયાર માતાનું મંદિર(વરાણા), હસનપીર દરગાહ (દેવમાલ), સરસ્વતીમંદિર (સિદ્દ્ધપુર), કપિલમુનીનો આશ્રમ (સિદ્દ્ધપુર),
- ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ :-
    - હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી,પાટણ( ૧૯૮૬)
    - જીએમઈઆરએસ મેડીકલ કોલેજ, ધારપુર

<u>વિશેષ નોંધ :</u>

- વનરાજ ચાવડાએ સંવત ૮૦૨ વૈશાખ સુદ બીજના રોજ અણહીલ નામના ભરવાડના નામ પરથી અણહીલપૂર પાટણ નામ આપ્યું હતું.
- હેમચન્દ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીનું વડું મથક પાટણ ખાતે આવેલું છે .
- સિધ્ધપુરનું બિંદુ સરોવર માતૃશ્રાધ માટે જાણીતું છે. બિંદુ સરોવરમાં ભગવાન પરશુરામે માતાનું શ્રાદ્દ્ધ કર્યું હોવાનું મનાય છે. સિદ્દ્ધપુરમાં કારતક સુદ પૂનમ વખતે કાત્યોયનો મેળો ભરાય છે. છે જે ઊંટ લે-વેચ માટે જાણીતો છે.
- સિદ્દ્ધપુરનું પ્રાચીન નામ શ્રીસ્થળી હતું અને તે સરસ્વતી નદીના કિનારે વસેલું શહેર છે.
- સિદ્દ્ધપુરમાં રૂદ્ર મહાલય, બિંદુ સરોવર અને કપિલમુનીનો આશ્રમ આવેલો છે.સિદ્દ્ધપુર ખાતે આવેલ રુદ્ર મહાલયનો નાશ સૌપ્રથમ અલાઉદ્દીન ખીલજી દ્વારા કરવામાં આવ્યો હતો.
- પાટણ માટીકામ, મશરૂ અને પટોળા દેશભરમાં ખૂબ જ પ્રખ્યાત છે. પટોળાં સાડીના વનાતનો ઉદ્ભવ સોલંકી શાસકોના સમયમાં થયો હતો.

gnanbhandar.com

- પાટણ શહેર સરસ્વતી નદીને કિનારે વસેલું શહેર છે. અને સરસ્વતીનું પ્રાચીન નામ અર્જુના અને સારસ્વત છે.
- પાટણમાં ઘેટાંસંવર્ધન કેન્દ્ર આવેલું છે.
- ગુજરાતી આખ્યાનના પિતા ભાલણ નું જન્મસ્થળ પાટણ છે.
- ગુજરાતમાં સર્વપ્રથમ આર્યુવેદ કોલેજની સ્થાપના પાટણમાં ઈ.સ.૧૯૨૩માં કરવામાં આવી હતી.
- એશિયાનો સૌથી મોટો સોલાર પાર્ક સ્વર્ણિમ સૂર્યતીર્થ પાર્ક સાંતલપુરના ચારણકા ગામે આવેલો છે.
- પાટણની તુલના ધારા-નગરી સાથે થઇ હતી.
  - વિવિધ વિષય ની માહિતી અને રેગ્યુલર ફ્રી ટેસ્ટ, કરંટ અફેર્સ વગેરે માટે આજે જ ડાઉનલોડ કરો Gnan Bhandar મોબાઈલ એપ્લીકેશન
- પાટણ જિલ્લાના દેલમાલ ખાતે હસનપીરની પવિત્ર દરગાહ આવેલી છે.
- શંખેશ્વરનું પ્રાચીન નામ શંખપુર હતું શંખેશ્વરમાં જૈનો માટે પાલીતણા પછી બીજા ક્રમનું મહત્વનું સ્થળ છે.
- રાણી કી વાવ ચૌલુક્ય વંશના શાસન દરમિયાન બનાવવામાં આવી હતી. નરવરહ ખાંગરાની પુત્રી ઉદયમતીએ ભીમદેવની યાદમાં સહસ્ત્રલિંગાના મહિમાને વટાવી શ્રીપટ્ટણા (પાટણ) ખાતે આ વાવ બનાવી હતી. વાવમાં મહિસાસુર મર્દનીની પ્રતિમા આવેલી છે. રાણી કી વાવ વર્ષ-૨૦૧૪માં વર્લ્ડ હેરીટેજ સાઈડમાં સ્થાન પામેલ છે.

- ઈન્ટરનેટના ઉપયોગથી અંતિમસંસ્કારના ઓનલાઈન દર્શન કરાવતું ગુજરાતનું સૌ પ્રથમ સ્મશાનગૃહ સિદ્ધપુરમાં શરૂ થયું છે.
- ગુજરાતનું સૌપ્રથમ સૌર ઉર્જા ગામ પાટણ જીલ્લાનું ખાંડિયા ગામ છે.
- ગુજરાતનો સૌપ્રથમ બાયોગેસ પ્લાન્ટ મેથાણ ખાતે આવેલ છે.
- ઈ.સ. ૧૯૩૯માં શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાનમંદિર કનૈયાલાલ મુનશી ઉદ્ઘાટન કર્યું હતું.
- ચાણસ્મા તાલુકાનાં દેલમાલ ગામમાં હસનપીર દરગાહ આવેલી છે.
- વરાણા ખાતે મહાસુદ આઠમના દિવસે ખોડિયાર માતાના મંદિરે વરાણા નો મેળો યોજાય છે.
- પાટણ પાસે આવેલ પળી ગામમાં ઉનાવાના મીરદાતાર હતા.
- પાટણ જિલ્લાનો બનાસ અને સરસ્વતી નદી વચ્ચેનો વિસ્તાર વઢિયાર તરીકે ઓળખાય છે.
- પાટણ જિલ્લાના સિદ્ધપુર નજીક આવેલ સુણક ગામમાં અગિયારમી સદીનું સોલંકીકાળનું નીલકંઠ મહાદેવનું મંદિર આવેલું છે જેનું શિખર ત્રિનાસિકા રેખાવાળું છે. એમાં ગર્ભગૃહ, મંડપ અને મુખમંડપ છે.
- પાટણ જિલ્લાનું ઊંઝા શહેર વરિયાળી અને ઈસબગુલ માટે જાણીતું છે.
- પાટણ જીલ્લાના સામિ તાલુકાનાં વરાણા મુકામે મહાસુદ નોમના દિવસે ખોડિયાર માતાજીની જયંતિ પ્રસંગે આ મેળો ભરાય છે.
- પાટણમાં આવેલ ખાન સરોવરખાન અઝીઝ કોકા દ્વારા બાંધવામાં આવ્યું છે.
- સિદ્ધપુર એ ભવાઈના વેશ લખનાર અસાઈટ ઠાકર સાથે સંકળાયેલ શહેર છે.
- સહસ્ત્રલિંગ તળાવ પાટણમાં આવેલું એક મધ્યયુગનું કૃત્રિમ તળાવ છે. તેનું બાંધકામ સોલંકી વંશના શાસક સિધ્ધરાજ જયસિંહ (1140)એ બંધાવેલ છે.
- ત્રિકમ બારોટની વાવ પાટણમાં આવેલી છે. તે વડોદરાના શાસક આનંદરાવ ગાયકવાડદ્વારા બંધાવવામાં આવી છે. ત્રિકમ બારોટ કચ્છના મહાન સંત હતા.

gnanbhandar.com